૯૦૨/૩,૧૪૫

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રવીણ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવીણ - આઠમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''અસંખ્ય માણસોને પોતાનાં દર્શનમાત્રે સમાધિ કરાવે છે.'' (૬૧)

૨. ''તમારે અમે કહીએ તેમ કરવું છે કે સાધુ થવું છે ?'' (૬૦)

૩. ''મારાથી બનશે તેવી સેવા કરીશ.'' (૭૩)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં)** [૯]

૧. જાગા સ્વામી જૂનાગઢમાં ચાલતો ઉત્સવ પ્રત્યક્ષ દેખતા અને સાંભળતા. (૬૮)

૨. બ્રહ્માદિક દેવો જેઠા મેરને દેખાયા. (૫૨)

૩. સોમલા ખાચરે ખોખરામાં બાવાઓને મારી નાખ્યા. (૨૮)

૪. ખોરાસાના રાજાભાઈને સંસાર અસાર લાગ્યો. (૫૯)

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. બંધિયાના ડોસાભાઈ (૮૪-૮૬) **અથવા** ૨. ઉકા ખાચર (૯-૧૧)

૩. ગૃહસ્થાશ્રમીના વિશેષ ધર્મ (૧-૪) **અથવા** ૪. શ્રીહરિલીલામૃત અને નિષ્કુળાનંદ કાવ્ય (૩૮-૪૦)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. લીલાચિંતામણિ ને ધ્યાનચિંતામણિનું સ્મૃતિએ સહિત ગાન કરવાથી શાનું પુણ્ય મળે છે ? (૬૨)

૨. ચિત્રકેતુ રાજાને ત્યાં કયા ઋષિ આવ્યા ? (૭૯)

૩. જનમંગલસ્તોત્રમ્‌ના જપ શાની સિદ્ધિ માટે કરવામાં આવે છે ? (૪૫)

૪. મુક્તાનંદ સ્વામીએ સૌથી પહેલાં શ્રેષ્ઠ કયા હરિભક્તને ગણાવ્યા ? (૧૯)

૫. વચનામૃત વિષે ગુણાતીતાનંદ સ્વામીએ શું કહ્યું છે ? (૩૩)

૬. મુક્તિ એટલે શેની પ્રાપ્તિ ? (૯૦)

**પ્ર.૫** 'ભગવાન ને મોટા સાધુને......' (૮૧-૮૨) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** [૫]

**વિષય :- મગનભાઈ (૯૪-૯૬)**

**૧.** કીબ્વેઝીમાં હરમાનભાઈ અને મગનભાઈ બંને સાથે રેલવે સ્ટેશન પર નોકરી કરતા હતા. **૨.** હરમાનભાઈ પ્રથમ પત્ર દ્વારા શાસ્ત્રીજી મહારાજના યોગમાં આવ્યા. **૩.** ૧૯૩૪માં દક્ષિણ આફ્રિકા સત્સંગ મંડળની સ્થાપના મગનભાઈના શુભ હસ્તે કીજાબેમાં થઈ. **૪.** હરમાનભાઈ શાસ્ત્રીજી મહારાજની ચરણરજમાં માહાત્મ્ય જ્ઞાને યુક્ત ભક્તિના ભાવથી આળોટતા. **૫.** ટરોરોમાંથી આખા યુગાન્ડામાં સત્સંગ ફેલાયો. **૬.** શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'હું મગનભાઈ દ્વારા આફ્રિકામાં કાર્ય કરી રહ્યો છું. માટે તેમનો સમાગમ કરવો.' **૭.** आत्मवत् सर्वभूतेषु એવી ભાવના સર્વ હરિભક્તો પ્રત્યે મગનભાઈને હતી. **૮.** તા. ૮-૯-૧૯૫૨ના સવારે ૩ વાગ્યે બ્રાહ્મમુહૂર્તે ગોંડલમાં અચાનક હૃદય બંધ પડવાથી તેઓ અક્ષરનિવાસી થયા. **૯.** શાસ્ત્રીજી મહારાજે મગનભાઈને આશીર્વાદ આપ્યા, 'પ્રયત્ન કરો સત્સંગ થશે.' **૧૦.** મગનભાઈનો જન્મ ચારુતર પ્રદેશના પીજ ગામમાં સંવત ૧૯૫૭ના શ્રાવણ વદિ ૧૧ના પવિત્ર દિવસે થયો હતો.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો.** [૮]

૧. રસિયા જોઈ રૂપાળી ....... સાર છે રે લોલ. (૬૪)

૨. જયસિ નારાયણ ........ સુખદ સ્વામિ. (૯)

૩. પછી બોલિયા શ્યામસુંદર ....... માની વાત. (૭૮)

૪. વહાલા તારી નાભિ ......... નવ કહું રે લોલ. (૬૫)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવીણ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

તારીખ મહિનો વર્ષ

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૬]

૧. जनमंगलस्तोत्रम् : ॐ श्री मरुत्सुतप्रियाय नमः ....... ॐ श्री योगकलाप्रवृत्तये नमः (૪૬-૪૭)

૨. धर्मस्त्याज्यो न कैश्चित् ....... निजान् धार्मिको नीलकण्ठः ॥ (૯૩)

૩. साध्वीचकोर ....... शरणं प्रपद्ये ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. (૨૬)

## વિભાગ-૨ : ગુણાતીતાનંદ સ્વામી - નવમી આવૃત્તિ, ઓગસ્ટ - ૨૦૧૦

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. "કીર્તનો બહુ મોઢે છે ને વાતો પણ કરે છે." (૩૯)

૨. "ગુરુ કહે તે પ્રમાણે જ વર્તે તેનામાં જ મોટાના ગુણ આવે છે." (૨૮)

૩. "બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા એક તમે જ નીકળ્યા." (૨૧)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં)** [૯]

૧. મહારાજ અને સ્વામીના સ્વરૂપની વિશિષ્ટતા સૌ સમજ્યા. (૩૦)

૨. રઘુવીરજી મહારાજની બધી ગ્રંથિઓ સ્વામીએ ગાળી દીધી. (૭૦-૭૧)

૩. મહારાજે સ્વામીને પોતાની પાઘ પહેરાવી અપાર હેત બતાવ્યું. (૪૦-૪૧)

૪. મહારાજના દર્શન માટેની સ્વામીની તીવ્ર આસક્તિ જોઈ મુક્તાનંદ સ્વામી વિસ્મય પામ્યા. (૨૦)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. ભક્તવત્સલ (૬૦-૬૧)   ૨. જીવની અવળાઈ (૬૬-૬૭)   ૩. મહારાજ જામીન થયા (૪૧)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. મુક્તાનંદ સ્વામીની જેમ કોણે સૂવાની તૈયારી કરી ? (૧૭)

૨. સાકરબાએ ઠાકોરજીની મૂર્તિ પર શું જોયું ? (૩)

૩. ગુણાતીતાનંદ સ્વામીની શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની વાતો સાંભળી રાજી થઈ ગોપાળાનંદ સ્વામી શું કહેતા ? (૪૯-૫૦)

૪. લક્ષ્મણ શા માટે ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણારવિંદ છાતીમાં લેતો હતો ? (૪૦)

૫. મહારાજે ગઢડા મંદિરના મહંત કોને બનાવ્યા ? (૪૨)

૬. માયા પરનું જ્ઞાન પ્રાપ્ત કરનાર શું પામે છે ? (૭૪)

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** [૪]

૧. મારું કહ્યું એક જોગી ફેરવી શકે ! (૪૮-૪૯)   ૨. દેહનો અનાદર (૨૪-૨૫)   ૩. નિઃસ્વાદી બનાવ્યા (૬૩-૬૪)

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ દારિદ્રતા ટાળી. (૬૬, ૬૩)

(૧) ☐ માવાભાઈ   (૨) ☐ પીતાંબર શેઠ   (૩) ☐ બાઉદ્દીન   (૪) ☐ મુસાભાઈ

૨. જૂનાગઢમાં મંદિર કરવા જમીન કોણે આપી ? (૪૦)

(૧) ☐ નાગર બ્રાહ્મણ   (૨) ☐ બાઉદ્દીન

(૩) ☐ પંચાળાના ઝીણાભાઈ દરબાર   (૪) ☐ જૂનાગઢના નવાબ

૩. ગુણાતીતાનંદ સ્વામી કયા હરિભક્તોનો સમાગમ કરવાનું સંતોને કહેતા ? (૬૪)

(૧) ☐ ચાડિયાના કરશન બાંભણિયા   (૨) ☐ બગસરાના વેલો સથવારો

(૩) ☐ કમીગઢના રયો દેસાઈ   (૪) ☐ હામાપરના રામ ભંડેરી

૪. ગુણાતીતાનંદ સ્વામીનો શ્રીજીમહારાજે કહેલ અક્ષર તરીકે મહિમા (૧૯, ૯, ૭)

(૧) ☐ સારંગપુર   (૨) ☐ ભાદરા   (૩) ☐ કારિયાણી   (૪) ☐ પીપલાણા

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**